આરોપી પિતા-પુત્ર સામે નોંધાયો ગુન્હોઃ

પુત્રીની પજવણી અંગે કહેવાતા જતાં પિતા પર બે શખ્સે લાકડી-પાઈપથી કર્યો હલ્લો

જામનગર તા.૨૦ : કલ્યાણપુરના લાંબા ગામમાં રહેતા એક પિતા-પુત્રએ તે જ ગામના પ્રૌઢ અને એક મહિલાને પાઈપ-લાકડીથી માર માર્યાની પોલીસમાં ફરિયાદ કરાઈ છે. હુમલાખોર પૈકીના પુત્રએ એક યુવતીની કરેલી પજવણી અંગે સમજાવટ કરવા જવાતા હુમલો થયાનું ફરિયાદમાં જણાવાયું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના લાંબા ગામમાં રહેતા લગધીરભાઈ રામભાઈ ચાવડા નામના પ્રૌઢ પર ગુરૂવારની રાત્રે નવેક વાગ્યે લાંબા ગામના મફતીયાપરામાં રહેતા રમેશ રણમલભાઈ ગોરીયા ઉર્ફે ભીમશી તથા રણમલ જીવાભાઈ ગોરીયા નામના બે શખ્સે પાઈપ, લાકડી વડે હુમલો કરી માર માર્યો હતો.

આ બાબતની પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે. જેમાં જણાવાયા મુજબ લગધીરભાઈની પુત્રીને થોડા વખતથી રમેશ ઉર્ફે ભીમશી પજવતો હતો તેને સમજાવવા માટે ગુરૂવારની સાંજે લગધીરભાઈ તથા મટુબેન ગયા હતા. ત્યારે તેમના પર ઉપરોક્ત પિતા-પુત્રએ હુમલો કરી માર માર્યો હતો. પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી છે.

આ મેજરબ્રીજ ૬ ગાળાનો ૧૧૧.૬૦ મીટર લાંબો અને ૧૨ મીટર પહોળો બનશેઃ

જામનગર-પોરબંદર જિલ્લાને જોડતા વાંસજાળિયાના મેજર બ્રીજનું પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે ખાતમુહૂર્ત

૪૫ હજાર લોકોને થશે સીધો ફાયદો

જામનગર તા. ૨૦: વાંસજાળિયા ગામે રૂા. ૬.૫૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર મેજરબ્રીજનું કેબીનેટ મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. તેમણે જણાવ્યું હતું કે મેજરબ્રીજના નિર્માણ થકી અંદાજે ૪૫ હજાર જેટલા લોકોને અવરજવર કરવામાં સરળતા રહેશે.

રાજ્યના કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે જામનગર જિલ્લાના વાંસજાળિયા ગામે નિર્માણ પામનાર મેજરબ્રીજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂપિયા ૬ કરોડ ૫૬ લાખના ખર્ચે નિર્માણ પામનાર ૬ ગાળાનો મેજરબ્રીજ ૧૧૧.૬૦ મીટર લાંબો અને ૧૨ મીટર પહોળો બનશે. વાંસજાળિયા, તરસાઈ, સતાપર તથા આજુબાજુના રહેવાસીઓને બ્રીજનું નિર્માણ થવાથી ફાયદો થશે.

મૂળુભાઈએ જણાવ્યું હતું કે, જે રસ્તા પર બ્રીજનું નિર્માણ થશે તે રસ્તો જામનગર જિલ્લાને પોરબંદર જિલ્લા સાથે જોડતો અગત્યનો મુખ્ય જિલ્લા માર્ગ છે. આ રોડ પરના વાંસજાળિયા ગામે આવેલ કોઝવે પરથી ચોમાસા દરમિયાન પાણી ઓવરટોપિંગ થતું હોવાથી આ રસ્તો બંધ રહેવાના કારણે લોકોને હનુમાનગઢથી જામજોધપુર જવા માટે આશરે ૧૫ કિ.મી. જેટલું વધુ અંતર કાપવું પડતું હતું, પરંતુ મેજર બ્રીજનું કામ મંજુર થતા ૪૫,૦૦૦ જેટલા લોકોને અવરજવર કરવામાં સરળતા રહેશે. અહીં નજીકમાં સતાપર ગામે ધાર્મિક સ્થળ આવેલું હોવાથી પણ અનેક લોકો તેની મુલાકાત લેતા હોવાથી હવેથી વાહનચાલકોને પણ સરળતા રહેશે.

આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી ચીમનભાઈ સાપરિયા, અગ્રણીઓ ગોવિંદભાઈ બડિયાવદરા, જેઠાભાઈ, ભૂપતભાઈ, સરપંચો, અધિકારીઓ તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

રાજ્યસભાના સાંસદ, કોર્પોરેટરે હાઈકોર્ટમાં કરી હતી અરજીઃ

વાયરલ વીડિયો અંગે ગુન્હો નોંધાયા પછી ફરિયાદ રદ્દ કરવાની અરજી નામંજૂર

જામનગર તા.૨૦ : જામનગરમાં ગયા મહિને યોજાયેલા સમૂહશાદીના એક કાર્યક્રમના વાયરલ થયેલા વીડિયોમાં દેશની એકતા જોખમાય અને વૈમનસ્ય પ્રસરે તેવું ગાયન એડ કરવામાં આવ્યું હતું. આ બાબતની ફરિયાદ થતાં પોલીસે ગુન્હો નોંધ્યો હતો તે ફરિયાદ રદ્દ કરાવવા રાજ્ય સભાના કોંગ્રેસના સાંસદ તથા જામનગરના નગરસેવકે હાઈકોર્ટમાં અરજી કરી હતી. તે અરજી રદ્દ કરવામાં આવી છે.

જામનગરમાં ગયા મહિને સમૂહશાદીનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં જામનગર મહાનગરપાલિકાના વિરોધપક્ષના પૂર્વ નેતા અલ્તાફ ખફી તેમજ મહારાષ્ટ્રના રાજ્ય સભાના સાંસદ ઈમરાન પ્રતાપ ગઢી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. તે વીડિયોમાં વાંધા જનક અને દેશની એકતા જોખમાય તેવું ગીત એડ કરવામાં આવ્યું હતું. વાયરલ વીડિયો પોલીસ સુધી પહોંચતા એક આગેવાને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી અને સમાજની લાગણી દુભાય અને ઉશ્કેરાટ પ્રસરે તેવી ભાષાના પ્રયોગ ઉપરાંત દેશની એકતા જોખમાય તે અંગે ગુન્હો નોંધવામાં આવ્યો હતો.

આ કિસ્સામાં રાજ્યસભા સાંસદ ઈમરાન પ્રતાપ ગઢી તથા સમુહશાદીમાં ઉપસ્થિત અલ્તાફ ખફીએ ગુજરાત હાઈકોર્ટમાં ફરિયાદ રદ્દ કરવા માટે અરજી કરી હતી. તે અરજી અન્વયે બંને પક્ષ દ્વારા રજૂ થયેલી દલીલો સાંભળ્યા પછી હાઈકોર્ટ દ્વારા તે અરજી રદ્દ કરવામાં આવી છે.

બારોબાર દસ્તાવેજ કરાયાની હતી ફરિયાદઃ

ઢીંચડામાં આવેલી કિંમતી જમીન અંગે ફરિયાદમાં પાંચ આરોપીનો થયો છૂટકારો

જામનગર તા.૨૦ : જામનગરના ઢીંચડામાં આવેલી ખેતીની કિંમતી જમીનનો એક ભાગીદારની સહમતી વગર વેચાણ દસ્તાવેજ કરી નખાતા હાલમાં લંડનમાં રહેતા અને પાયલોટ તરીકે ફરજ બજાવતા આસામીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી પૈકીના પાંચનો છૂટકારો કર્યો છે.

જામનગર તાલુકાના ઢીંચડા ગામના વતની અને હાલમાં યુ.કે.ના લંડનમાં વસવાટ કરતા અને પાયલોટ તરીકે નોકરી કરતા શૈલેષભાઈ વેરશીભાઈ મહાજન નામના આસામીના ભાગમાં ઢીંચડા ગામમાં વડીલોપાર્જીત ખેતીની જમીન આવી હતી.

તે જમીન અંગે શૈલેષભાઈ ની સહમતી મેળવ્યા વગર જ બારોબાર વેચાણ દસ્તાવેજ કરી નખાતા અને અદાલતના હુકમમાં છેડછાડ કરી જામીન ગીરો બતાવી ખોટા દસ્તાવેજને ખરા તરીકે ઉપયોગ કરાયાની ફરિયાદ શૈલેષભાઈએ બેડી મરીન પોલીસ સ્ટેશનમાં જે તે વખતે નોંધાવી હતી. પોલીસે સૌભાગ્યચંદ વેરશીભાઈ દોઢીયા, હર્ષિલ સૌભાગ્યચંદ, રૂંધાભાઈ બાબુભાઈ રાવલીયા, અમિત રૂંધાભાઈ, રાજેશ લાભશંકર પંડયા, ભરત ખીમજીભાઈ મથર સામે ગુન્હો નોંધ્યો હતો.

ઉપરોક્ત કેસ ચાલી જતાં ન્યાયમૂર્તિ એસ.એમ. કામદારે આરોપી પૈકીના સૌભાગ્યચંદ, હર્ષિલ, રૂંધાભાઈ, અમિત, ભરત મથરનો છૂટકારો ફરમાવ્યો છે. આરોપી તરફથી વકીલ હિતેશ સોનગરા, ચિરાગ સોનગરા રોકાયા હતા.

અમારા કહ્યામાં નથી



મિત મહેશભાઈ ગંઢા

આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે, અમારો સગો ભત્રીજો મીત મહેશભાઈ ગંઢા (ઉ.વ.૨૮) અમારે તેના કુટુંબ સાથે કોઈપણ પ્રકારનો ઘર-વહેવાર નથી. તેથી મારા ભત્રીજા તથા તેમના કુટુંબ સાથે અમારા નામે કોઈપણ પ્રકારનો વહીવટ કે વ્યવહાર કરવો નહીં. અમને જો તેની સાથે કોઈપણ વ્યક્તિ અમારા નામે વ્યવહાર કરશે તો તેની સર્વે પ્રકારની જવાબદારી જે તે વ્યક્તિની રહેશે. તેની આથી સર્વેને જાણ કરવામાં આવેલ છે.

જામનગર　તા.૨૦-૦૧-૨૦૨૫

લિ. સુરેશ આર. ગંઢા

પાયલ એસ. ગંઢા (જામનગર)

:: જાહેર નોટીસ ::

આથી સર્વે લાગતા વળગતાને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છેકે, જામનગર જિલ્લાના જામનગર તાલુકાના શહેર જામનગરમાં, મહાનગરપાલિકાની હદમાં, કૃષ્ણનગર વિસ્તારની બાજુમાં આવેલ, રે.સ. નં. ૩૦/૧ પૈકીની ટી.પી. સ્કીમ નં. ૨ ના મૂળખંડ નં.૫૧/૧ તથા ૫૧/૨ની સામે ફાળવેલ અંતિમ ખંડ નં. ૯૧ વાળી કેવલીયા વાડી તરીકે ઓળખાતી જમીનના સબ-પ્લોટ નં. ૧૨૧/સી વાળી જગ્યા, જેની સિટી સર્વે કચેરી દ્વારા હક્ક ચોક્સી થતાં સિટી સર્વે હક્કચોક્સી રેકર્ડ મુજબ વોર્ડ નં. ૧૫/બી, શીટ નં. ૩૫૧, સિટી સર્વે નં. ૫૯૦૫/૨/૧૨૧/૩ થી નોંધાયેલ છે. તે જગ્યામાં બાંધવામાં આવેલ 'મહાલક્ષ્મી હાઈટ્સ' નામના બહુમાળી બિલ્ડિંગના એઈટ્થ ફલોર (આઠમા માળ) પર આવેલ ફલેટ નં. ૮૦૧ (આઠસો એક) વાળો ફલેટ જેનું બિલ્ટઅપ ક્ષેત્રફળ ચોરસ મીટરઃ ૪૯.૩૨ થાય છે. જેના ચોરસ ફૂટ ૫૩૬.૨૬ થાય છે. તથા તેનું સુપર બિલ્ટઅપ ક્ષેત્રફળ ચોરસ મીટરઃ ૧૫૮.૧૨ થાય છે. જેના ચોરસ ફૂટ ૧૭૦૨.૦૦ થાય છે. તથા તેને લગત આવેલ ટેરેસ જેનું ક્ષેત્રફળ ચોરસ મીટરઃ ૩.૧૬ થાય છે. જેના ચોરસ ફૂટ ૩૪.૦૦ થાય છે. તે ફલેટ તેના હાલના માલિક અને કબજેદાર (૧) ગીતાબેન દિનેશભાઈ મુંગરા તથા (૨) દિનેશકુમાર હરજીભાઈ મુંગરા પાસેથી ખરીદ કરવા અમારા અસીલે સોદો કરેલ છે અને સુથીની રકમ ચૂકવેલ છે.

ઉપરોક્ત ફલેટ પરત્વે કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ, અધિકાર હોય કે ઉપરોક્ત ફલેટ કોઈ પાસે ગીરો, મોર્ગેજ હોય કે કોઈનું પણ લેણુ, બોજો, ચાર્જ હોય, તેમજ આ વેંચાણ સામે કોઈને પણ વાંધો-તકરાર કે હરકત હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં અમોને નીચેના સરનામે લેખિત વાંધા-પુરાવા સાથે રજૂ કરવા, જો મુદ્દતમાં કોઈના વાંધા-તકરાર રજૂ કરવામાં નહીં આવે તો ઉપરોક્ત ફલેટમાં કોઈનો હક્ક, હિસ્સો, લાગભાગ કે અધિકાર આવેલ નથી, તેમજ આ ફલેટના વેંચાણ સંબંધે કોઈને વાંધો-તકરાર નથી, અને હોય તો વેઈવ કરેલ છે. તેમ માનીને અમારા અસીલ અવેજની બાકીની રકમ ચૂકવી પોતાના જોગના રજિસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી ફલેટનો શાંત, ખાલી, બજનશ કબજો સંભાળી લેશે. આ વેંચાણ દસ્તાવેજ બાદ કોઈના વાંધા-તકરાર કે હક્કદાવા અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

જામનગર　　તા.૨૦-૦૧-૨૦૨૫

તે અમારા અસીલની સૂચનાથી

મિહિર વી. નંદા તથા સુનિલ કે. મંગે (એડવોકેટ્સ)

ઠે.'ઝલકે દ્વારકેશ', ૬-દિગ્વિજય પ્લોટ, વાત્સલ્ય હોસ્પિટલની બાજુમાં, જામનગર :: મો. ૭૬૦૦૩ ૨૩૬૩૯ : મો.૯૮૨૪૦ ૨૯૩૩૩

ગુજરાત રાજય નગર પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા

પ્રાથમિક શાળામાં એકમ કસોટી દ્વારા થતું મૂલ્યાંકન રદ કરવા માંગ

જામનગર તા. ૨૦: પ્રાથમિક શાળાઓમાં એકમ કસોટીઓ દ્વારા થતુ મૂલ્યાંકન રદ કરવા બાબતે રાજ્યના શિક્ષણ મંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ ચંદ્રકાંત ખાખરીયા અને મહામંત્રી મનોજ પટેલએ આ રજૂઆતમાં જણાવેલ છે કે, ગત તા. ૧૨-૭-૨૪ના જી.સી.આઈ.ટી. ગાંધીનગરમાં એકમ કસોટી આયોજન અને સમીક્ષા અંગેની મિટિંગ યોજાઈ હતી. જેમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પ્રાથમિક શાળાઓમાં ધો. ૩ થી ૮ ના બાળકો માટે સમયાંતરે યોજાતી એકમ કસોટીઓ અને તેની ઓનલાઈન ડેટા એન્ટ્રીની કામગીરીથી શિક્ષકોનું કામનુ ભારણ વધ્યુ છે. તેમજ આ કામગીરી સંદર્ભે રાજ્યની વિવિધ પ્રાથમિક શાળાઓના શિક્ષકોના અભિપ્રાયો-એકમ કસોટી દ્વારા કરવામાં આવતુ મૂલ્યાંકન રદ કરવા અને નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અન્વયે સર્વગ્રાહી મૂલ્યાંકનના વિવિધ મુદ્દાઓને આવરી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરવા રજુઆત કરવામાં આવી હતી. સાથે વિવિધ સમિક્ષા મિટિંગમાં પણ એકમ કસોટી દ્વારા થતુ મૂલ્યાંકન રદ કરવામાં આવે તેમજ શાળાઓના ગુણોત્સવમાં ગ્રેડમાં એકમ કસોટી દ્વારા નક્કી થતાં માર્કિંગ દૂર કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી.

આથી એકમ કસોટી દ્વારા થતુ મૂલ્યાંકન રદ કરીને બાળકોના સર્વાંગી વિકાસના પાસાઓ ધ્યાને લઈ માન્ય શિક્ષક સંઘો તથા શિક્ષણવિદો સાથે સમિક્ષા મિટિંગ યોજવામાં આવે અને વહેલી તકે એકમ કસોટી દ્વારા થતુ મૂલ્યાંકન રદ કરવામાં આવે અને ચાલુ વર્ષની એકમ કસોટીનો ઓનલાઈન ડેટ, તાત્કાલીક ધોરણે બંધ કરવામાં આવે તે જરૂરી છે.

ખંભાળિયામાં નેત્રયજ્ઞ

ખંભાળિયા તા. ૧૮: ખંભાળિયા માનવ સેવા સમિતિ દ્વારા તા. ૨૬.૧.૨૫ના લલીતાબેન પ્રેમજી બદીયાણી હોસ્પિટલમાં વિનામૂલ્યે નેત્રયજ્ઞ તથા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વ કેન્સર દિવસની ઉજવણી નિમિતે

જામનગરના બટુકભાઈ ખંઢેરીયા ચેરી. ટ્રસ્ટ દ્વારા કેન્સર નિદાન કેમ્પનું આયોજન

જામનગર તા. ૨૦: જામનગરના બટુકભાઈ ખંઢેરીયા ચેરી. ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૪ થી ફેબ્રુઆરીના વિશ્વ કેન્સર દિવસ નિમિતે તા. ૨૬-૧-૨૫ના સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી સ્ત્રીઓ માટે ગર્ભાશયના મુખના કેન્સર રોગ માટે ગુરુદ્વારા સર્કલ પાસે, ડો. કલ્પનાબેન ખંઢેરીયાની હોસ્પિટલ, સેન્ટર પોઈન્ટ પાછળ, જામનગરમાં નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જે પણ બહેનોને સફેદ પ્રવાહીની તકલીફ હોય, પાણીની સાથે ખંજવાળની તકલીફ હોય, સંભોગ પછી બ્લડીંગ થતું હોય, બે માસિકની વચ્ચે લોહી પડતું હોય, અનિયમિત માસિક હોય તથા યોનીમાંથી દુર્ગંધવાળું પ્રવાહી પડતું હોય આવી તકલીફો જેમને હોય તેમણે તેમની અંદરની તપાસ કરાવી લેવી જોઈએ.

આ તપાસ બિલકુલ ફ્રી કરી આપવામાં આવશે. જેમને આગળ જરૂર પડે તેમને સ્પેશિયલ ઈન્સ્ટ્રુમેન્ટ કોલપોસ્કોપથી રાહત દરે તપાસ કરી આપવામાં આવશે. જેનાથી કેન્સરનું વહેલું નિદાન શકય છે તથા બાયોપ્સી કયાંથી લેવી તેની ખબર પડે છે તથા આગળ શું ટ્રીટમેન્ટ આપવી તેના માટે પણ આ બાયોપ્સી જરૂરી છે.

-: જાહેર નોટીસ :-

આથી હું અહમદ હાજી ખીરા, રહે. કનસુમરા, તા. જિ. જામનગરવાળા આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વેને જણાવું છું કે,

જામનગર જિલ્લા તથા તાલુકાના કનસુમરા ગામે આવેલ જુના રેવન્યુ સર્વે નં. ૩૧૨ વાળી નાનાલાલ હરિશંકરની વાડી નામે ઓળખાતી ખેતીની જમીન અમારા કબજા હક્કની છે. આ જગ્યા અમારી સંમતિ વગર બીનખેતી કરાવી પ્લોટ પાડવામાં આવી રહ્યા છે. આ બીનખેતી તથા વેંચાણ સામે અમોને વાંધો હોય, આથી આ બાબતે અમોએ આગળની કાનૂની કાર્યવાહી કરવાનું નક્કી કરેલ છે.

આથી આ જમીનમાં આવેલ પ્લોટો કોઈપણ વ્યક્તિએ વેંચાણથી લેવા નહી, આમ છતાં કોઈપણ વ્યક્તિ આ પ્લોટ ખરીદશે તો તે અંગે ટાઈટલ બાબતે કોઈપણ વિવાદ થાય તો તે અંગે અમારી જવાબદારી રહેશે નહીં તેની સ્પષ્ટ નોંધ લેશો.

સ્થળઃ કનસુમરા　　લિ.

તારીખ : ૨૦-૦૧-૨૦૨૫　　અહમદ હાજી ખીરા

:: જાહેર નોટીસ ::

આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છેકે, જામનગર જિલ્લા - તાલુકાના ગામ શેખપાટમાં આવેલ **રે.સ.નં. ૬૮/પૈકી-૨** પૈકીની જમીન રહેણાંક હેતુસર બિનખેતી ફેરવવામાં આવેલ છે. જે સમગ્ર જગ્યા **સમભાવ પાર્ક-૧** તરીકે ઓળખાય છે. સદરહુ જગ્યાના મંજૂર થયેલ લે-આઉટ પ્લાન મુજબના **પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૦૦** જેટલું કુલ ક્ષેત્રફળ **ચો.મી. ૮૩.૪૨** થાય છે. સદરહુ જગ્યાની હક્કચોક્સી થતાં **સિટી સર્વે કચેરી-૧**, જામનગરના વોર્ડ - શેખપાટના **શીટ નં. એનએલ૯ ના સિટી સર્વે નં. એનએક્ટ/પૈકી-૨/પૈકી/૧૦૦** થી નોંધાયેલ છે. સદરહુ જગ્યાના હાલના માલિક અને કબજેદાર **જરીદાબેન રફીકભાઈ મકવાણા** રહે. જામનગરવાળા પાસેથી ખરીદ કરવા અમારા અસીલે સમજૂતી કરી સૂંથીની રકમ ચૂકવેલ છે.

ઉપરોક્ત જગ્યાના વેંચાણ વ્યવહાર સંબંધે કે માલિકી હક્ક સંબંધે કે ટાઈટલ સંબંધે કોઈને કોઈપણ જાતનો વાંધો-તકરાર, વિવાદ હોય કે કોઈપણ જાતની લોન, ગીરો કે બોજો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં અમારી ઓફિસે લેખિત આધાર પુરાવા સાથે રજૂઆત કરવી, જો નિયત મુદ્દતમાં કોઈ વાંધો લેવામાં નહીં આવે તો કોઈને કોઈ વાંધો-તકરાર નથી અથવા હોય તો તે જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ શુદ્ધ-બુદ્ધિના ખરીદનાર તરીકે ઉપરોક્ત જગ્યાનો પોતાના જોગનો પાકો વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધા-તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની સર્વેએ નોંધ લેવી.

જામનગર　　પ્રિતેશ એમ. દત્તાણી, એડવોકેટ

તા. ૨૦-૦૧-૨૦૨૫　　તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::

પ્રિતેશ એમ. દત્તાણી (એડવોકેટ)

લોહાણા મહાજન વાડી પાછળ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર :: મો.૯૪૨૭૨ ૪૦૯૦૯

:: જાહેર નોટીસ ::

આથી જાહેર જનતાને તથા સર્વે લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, શહેર જામનગરમાં નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલ રે.સ.નં. ૩૦ વાળી રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલ જગ્યામાં આવેલ પ્લોટ નં. ૧૦ પૈકી પશ્ચિમ તરફના ભાગમાં બાંધવામાં આવેલ ટેનામેન્ટ વાળી ચો.મી. ૬૩.૩૮ વાળી જગ્યાના માલિક કિષ્નાબા ભીખુભા જાડેજા તેઓની મિલકત અમારા અસીલ બેંક પાસે મોરગેજ કરી લોનની સગવડતા મેળવવા માંગે છે તે માટે અમારા પાસે તેઓએ મિલ્કતની અસલ ફાઈલ રજુ કરી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તેઓની ફાઈલ તપાસતા તે ફાઈલમાંથી ભદ્રાબેન મુળજીભાઈ પટેલ જોગનો રજી. વેંચાણ દસ્તાવેજ અનુ.નં. ૧૦૭૯૭ નો તા.૧૩/૧૨/૧૯૯૯ ના રોજનો તેઓનાં જણાવ્યા મુજબ અસલ વેંચાણ દસ્તાવેજ કયાંક ખોવાઈ ગયેલ છે અથવા આડોઅવળો મુકાઈ ગયેલ છે. શોધવા માટેનાં શુદ્ધબુદ્ધિપૂર્વકનાં પ્રયાસો કરવા છતાં મળી આવેલ નથી. તેમજ તેઓએ આ અસલ વેંચાણ દસ્તાવેજનો કયાંય ગેર ઉપયોગ કરેલ નથી. તેવું અમારા પાસે જાહેર કરેલ છે. તેમજ ઉતરો-ઉતર દસ્તાવેજોની ફાઈલમાં વેંચાણ દસ્તાવેજ રજી. અનુ. નં. ૧૦૭૯૭, તા. ૧૩/૧૨/૧૯૯૯ ની જામનગર સબ-રજીસ્ટ્રાર કચેરી ઝોન-૧ માંથી મેળવેલ ખરી નકલ રજુ કરેલ છે.

આ ઉપરોક્ત અસલ વેંચાણ દસ્તાવેજ કોઈના કબજામાં હોય કે કોઈનો વાંધો તકરાર હોય કે ઉપરોક્ત મિલ્કત ઉપર કોઈનો દર દાવો હોય કે વાંધો તકરાર કે લેણું કે લાગભાગ કે અગ્રહક્ક હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયે આ નીચે લખ્યા સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ-૭(સાત) માં જાણ કરવી.

જો મુદત દરમ્યાન કોઈનાં વાંધા તકરાર આવશે નહીં તો કોઈને વાંધો નથી તેમજ હોય તો પણ જતો વેઈવ કરેલ છે તેમ માની ખરી નકલને માન્ય રાખી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરી આપવામાં આવશે ત્યારબાદ કોઈનાં વાંધા તકરાર ધ્યાને લેવામાં આવશે નહીં.

સ્થળઃ જામનગર　　પ્રદીપ પી. દેસાઈ, એડવોકેટ

તારીખઃ ૨૦-૦૧-૨૦૨૫　　તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::

દેસાઈ એસોસિએટ્સ - પ્રદીપ પી. દેસાઈ-એડવોકેટ

ઠે.શિવ, પ્રથમ માળે, રાજગોર ફળી પાસે, યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની સામેની ગલી, રણજિત રોડ, જામનગર :: મો.નં. ૯૪૨૬૨ ૦૩૫૫૫

GOVERTMENT OF INDIA, MINISTRY OF DEFENCE EX-SERVICEMENT CONTRIBUTORY HEALTH SCHEME (ECHS) STATION HEADQUARTERS (ECHS CELL), JAMNAGAR

CONTACT NO 0288-2662951, E-MAIL : echscelljam@gmail.com

1. ECHS Cell, Stn HQ Jamnagar invites applications to engage following Para Medical and Non-Medical staff on contractual basis in ECHS Polyclinics of Jamnagar and Rajkot for a period of one year for ESM and 11 months for civil candidates :-

Appoinment	Max Age	Basic Qualification	Work Experience	No of Vacancy	Salary (per month)
Pharmacist **(ECHS Polyclinic Rajkot)**	58 Years	B Pharmacy from a recognized institute **OR** (I) 10+2 with science stream (Physics, Chemistry, Biology)from a recognized Board **And** (ii) Approved Diploma in Pharmacy from an Institute recognized by the pharmacy council of India and registered as pharmacist under the pharmacy Act 1948	Minimum three years' experience	01	Rs.28,100/- Per Month
Dental Hygienist / Dental Assistant **OR** Dental Technician **(ECHS Polyclinic Jamnagar)**	58 Years	Diploma Holder in Dental Hygienist / Class-1 DH / DORA Course from Armed Forces. **OR** (i) Should have passed 10 + 2 with Science or equivalent from a recognized board or institution **And** (ii) Should have two years Diploma in Dental Hygienist / Dental Mechanic Course Registered with Central / State Govt or Dental Council of India	Minimum five years experience in Dental Laboratory **OR** Minimum three years' experience in Dental Laboratory	01	Rs.28,100/- Per Month
DEO / Clerk **(ECHS Polyclinic Jamnagar & Rajkot)**	55 Years	Graduate / Class I clerical trade from Armed Forces	Minimum five years' experience	01 Each	Rs.22,500/- Per Month
Driver **(ECHS Polyclinic Rajkot)**	55 Years	8 Class / Class I MT Driver from Armed Forces and possess a civil driving licence	Minimum five years' experience as Driver	01	Rs.19,700/- Per Month
Peon **(ECHS Polyclinic Jamnagar)**	55 Years	8 Class / GD Trade from Armed Forces	Minimum five years' service	01	Rs.16,800/- Per Month

2. **Application Form & terms and condition.** Kindly see our website www.echs.gov.in and click on link "Download Application Form for employment in ECHS". For additional details, like qualification, experience, remuneration etc, contact on Tele No : 0288-2662951, Mobile No : 9979994970 (Whatsapp only) or email on echscelljam@gmail.com

3. **Last date of submission of Application Form.** Applications as per requisite format alongwith self-attested photocopies of testimonials in support of educational qualifications, work experience and medical fitness certificate (from Military Hospital for ESM candidates and from authorised Govt Hospital for civil candidates) to be submitted in duplicate to OIC ECHS Cell, Station Headquarters, Infantry Lines, Near Pawan Chakki, Jail Road, Jamnagar - 361 005 by 15 Feb 2024. Application received after 15 Feb 2024 will not be accepted.

4. **Date & Timing and Venue for Interview.** Date & Timing and venue for interview will be intimated later through e-mail / call letter. Candidates must bring all the original mark sheet of 8th / 10th (Matric) / 12th / Graduation / Post Graduation and work experience certificates, one passport size colour photograph and Aadhaar Card as identity proof at the time of interview. ESM candidates also to bring original Discharge Book, PPO, Service Record at the time of interview. No TA/DA is admissible. Only candidates meeting the Qualitative Requirements may apply.

ECHS Cell, Stn HQ

Jamnagar Military Station, Jamnagar